**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૨.૪ ડીગ્રી
લઘુતમ : ૨૬.૮ ડીગ્રી
ભેજ
સવારે ૯૦ ટકા ● સાંજે ૭૮ ટકા

# શહેરના માર્ગો પર ૫૫૧ ફૂટ લાંબો રાષ્ટ્રધ્વજ લહેરાશે

## સ્વાતંત્ર્ય દિનના એક દિવસ અગાઉ શહેરમાં ''શૌર્ય મહાયાત્રા''નું આયોજન : જિલ્લા કલેક્ટર અને સ્ટે. કમિટી ચેરમેન પ્રસ્થાન કરાવશે : સમાપને મેયર, ડેપ્યુટી મેયર અને વિપક્ષ નેતા ઉપસ્થિત રહેશે

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરમાં ફરી એકવાર સ્વાતંત્ર્ય પર્વના ઉલ્લાસ અને દેશભક્તિના ઉમંગ સાથે ૫૫૧ ફૂટ લાંબા રાષ્ટ્રધ્વજ સાથેની ''શૌર્ય મહાયાત્રા'' યોજાશે. શહેરની શ્રી વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ તથા રાધે-રાધે પરિવારના સંયુક્ત ઉપક્રમે દ્વિતિય વખત શૌર્ય મહાયાત્રાનો તા. ૧૪મી ઓગષ્ટ બુધવારે સવારે ૭.૪૫ કલાકે પ્રારંભ થશે. આ મહાયાત્રાને જિલ્લા કલેક્ટર એસ.કે. લાંગા તથા મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા પ્રસ્થાન કરાવશે જ્યારે સમાપન પ્રસંગે મેયર રીટાબેન પટેલ, ડેપ્યુટી મેયર નાજાભાઈ ધાંધર અને મનપાના વિરોધ પક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા ઉપસ્થિત રહેશે.

હાલ દેશમાં જમ્મુ-કાશ્મીરમાંથી કલમ-૩૭૦ અને આર્ટિકલ ૩૫-એની નાબુદીના પગલે રાષ્ટ્રભક્તિનો જુવાળ છવાયેલો છે તેવા સમયમાં ૭૩મુ સ્વાતંત્ર્ય પર્વ પણ નજીક આવી રહ્યું છે. આ પ્રસંગે શહેરમાં ફરી એકવાર ૫૫૧ ફૂટ લાંબા અને ૧૦ ફૂટ પહોળા રાષ્ટ્રધ્વજ સાથે યોજાઈ રહેલી શૌર્ય મહાયાત્રાને પગલે યુવાનોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

નાગરિકો રાષ્ટ્ર નિર્માણમાં સહભાગી થાય રાષ્ટ્રીય પ્રતિકોનું મહત્વ સમજે તેમજ સ્વતંત્રતાનું મૂલ્ય જાણી તેનું જતન કરે તે સાથે દેશપ્રેમ ઉજાગર કરે અને શહીદોની શહાદતને યાદ કરી ભારતીય સંસ્કૃતિના વારસાને ઉજાગર કરે તે હેતુથી આ શૌર્ય મહાયાત્રાનું આયોજન કરાયું છે. શૌર્ય મહાયાત્રામાં રાષ્ટ્રધ્વજ સાથે શહેરના માર્ગો પર ડીજે સાઉન્ડ સાથે દેશભક્તિના ગીતોનો ગુંજારવ ગુંજી ઉઠશે. શૌર્ય મહાયાત્રાનું સમગ્ર રૂટ દરમ્યાન વિવિધ સંસ્થાઓ, સરકારી એકમો તથા રાજકીય પક્ષો દ્વારા સ્વાગત કરાશે.



### શૌર્ય મહાયાત્રા ક્યાંથી ક્યાં સુધી યોજાશે ?

શૌર્ય મહાયાત્રાનો સવારે ૭.૪૫ કલાકે સેક્ટર-૨૫ જીઆઈડીસીમાં શ્રી વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતેથી પ્રારંભ થશે જે ક-૫ સર્કલ, ખ-૫ સર્કલ, ખ-૬ સર્કલ, ગ-૬ સર્કલ, ઘ-૬ સર્કલ, ઘ-૫ સર્કલ, ઘ-૪ સર્કલ થઈને સેક્ટર-૧૧માં મહાનગર સેવા સદનના મેદાનમાં સમાપન પામશે. શૌર્ય મહાયાત્રામાં ૫૫૧ ફૂટ લાંબા અને ૧૦ ફૂટ પહોળા રાષ્ટ્રધ્વજને સ્વયંસેવકો હાથમાં પકડી દેશભક્તિના ગીતોની ધૂન પર ગૌરવભેર ચાલશે.

## આજે ગાંધીનગરમાં

### ધાર્મિક

● શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે સાંજે ૬.૩૦ થી ૭.૧૫ દરમિયાન ફુલના હિંડોળાના દર્શન યોજાશે.

● સ્વામિનારાયણ મંદિર સે-૨૩ ખાતે સાંજે ૫ થી ૮.૧૫ દરમિયાન લવંગ એલાફલમ હિંડોળાના દર્શન યોજાશે.

● સમસ્ત બ્રહ્મસમાજ સે-૧૩ દ્વારા જશોદાબા જાનીના નિવાસસ્થાન, ૪૮ વિરાટનગર ખાતે રાત્રે ૯ થી ૧૦ દરમિયાન ભોળાનાથના શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના કાર્યક્રમ યોજાશે.

● શ્રીમાળી બ્રહ્મસમાજ દ્વારા મૌલિકભાઈ ઓઝાના નિવાસસ્થાન સી-૩૨, ત્રીજો માળ, શાંતિનગર એપાર્ટમેન્ટ વાવોલ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે શિવરૂદ્રાભિષેક અને શિવ મહિમ્ન પાઠ યોજાશે.

● રામધામ વાવોલ ખાતે સવારે ૬થી સાંજના ૮ કલાક દરમિયાન લીલા ફળોના હિંડોળાના દર્શન તથા બપોરે ૩.૩૦ થી ૬.૩૦ દરમિયાન દેવી ભાવગત કથા યોજાશે.

● સુંદરધામ પરિવાર દ્વારા ગોસ્વામી સંજયભારતી બાપુની વ્યાસપીઠે ૩ થી ૬.૩૦ દરમિયાન સે-૧૬ સ્થિત સોમનાથ મહાદેવ મંદિર બ્રહ્મભવન ખાતે શિવકથા યોજાશે.

● શ્રી રંગ અવધૂત પરિવાર દ્વારા દત્ત મંદિર સે-૨૮ ખાતે સાંજે ૮.૧૫ કલાકથી કૌસ્તુભભાઈ પાઠક દ્વારા શિવ મહિમ્ન સ્તોત્રથી અભિષેકાત્મક લઘુરુદ્ર યોજાશે.

● શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૬ દ્વારા શૈલેષભાઈ દવેના નિવાસસ્થાન ૭૫/૨ કિસાનનગર ખાતે રાત્રે ૯ થી ૧૦ દરમિયાન શિવપૂજા અને મહિમ્ન પાઠ યોજાશે.

### સામાજીક અને સાંસ્કૃતિક

● વિશ્વ આદિવાસી દિવસ નિમિત્તે સવારે ૯ કલાકે બિરસા મુંડા ભવનથી સે-૧૨ સ્થિત ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ સુધી સાંસ્કૃતિક મહારેલી યોજાશે.

● ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા દીનદયાળ અંત્યોદય યોજના રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન હેઠળ નારી સશકિતકરણ પખવાડિયાના ભાગરૂપે સવારે ૯ વાગ્યે સે-૧૭ સ્થિત ટાઉનહોલ કાતે કાર્યક્રમ યોજાશે.

## ઘ-૨ પેટ્રોલ પંપ પર વરલી-મટકાના આંકડા લખતો શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરના ઘ-૨ પેટ્રોલ પંપ પરથી વરલી-મટકાનો આંક લખતો કર્મચારી પોલીસના હાથે રંગેહાથ ઝડપાયો છે. ઘ-૨ પેટ્રોલ પંપ પર ડીઝલ પુરવાનું કામ કરતો હતો અને મોબાઈલ પર શખ્સ વરલી મટકાનો આંક લખતા શખ્સને પોલીસે પકડી પાડ્યો હતો.

સેક્ટર-૭ પીઆઈ તરલ ભટ્ટના માર્ગદર્શનમાં તેમની ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન કોસ્ટેબલ બેચરભાઈ અને ધર્મેન્દ્રસિંહને સંયુકત રીતે બાતમી મળી હતી કે ઘ-૨ વિધિ પેટ્રોલ પંપ ખાતે નોકરી કરતો શખ્સ નોકરીના સ્થળે જ વરલી મટકાનો આંક લખે છે. જેને પગલે પોલીસે પોઈન્ટ-૩ પર ડિઝલ પુરવાનું કામ કરતો સુરજ પ્રસાદ ચંદ્રપાલ યાદવ રહે.સેકટર-૧૩ પ્લોટ નં૬૪૮-૧ ને મોબાઈલ ફોન પર આંક લખતા પકડી પાડ્યો હતો. પોલીસે શખ્સ પાસેથી વરલી મટકાનું સાહિત્ય રૂ.૭૨૦ રોકડા, અને એક મોબાઈલ મળીને રૂ.૧૨૨૦ મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે આરોપી સામે જુગારધાર હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## જલારામ મહિલા મંડળની જનરલ મિટીંગ યોજાશે

ગાંધીનગર, તા.૮

જલારામ મહિલા મંડળની જનરલ મિટીંગ રવિવારના રોજ બપોરે ૩ થી ૬ દરમિયાન જલારામ મંદિર સે-૨૯ ખાતે યોજાશે. તો સમાજની સર્વે બહેનોને ઉપસ્થિત રહેવા સંસ્થાના પ્રમુખ દ્વારા જણાવાયું છે.

**રક્તદાન મહાદાન**

## સેક્ટર-૨૪ ખાતે ગરબામાં દારૂડીયાઓએ ધમાલ મચાવી

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરમાં સેક્ટર-૧૧ દારુ પીધેલા શખ્સે એક નિર્દોષ યુવાનને બેરહેમી પુર્વક માર માર્યો હતો. અસામાજીક તત્વો ગાંધીનગરમાં બેફામ બની ચુક્યા છે. પોલીસનો ડર રહ્યો નથી તેવું લાગી રહ્યું છે.ત્યારે સેકટર-૨૪ માં પણ દશામાતાજીના ગરબામાં ગતરોજ રાત્રીના સુમારે દારૂડીયાએ ધમાલ કરી હતી. દારૂ પીધેલા શખ્સે પોતાનો જન્મ દિવસ હોવાથી પોતાની ફરમાઈશનું ગીત ગાવા માટે ગાયક કલાકારને કહ્યું હતું. પરંતુ આ ફરમાઈશનું ગીત ગાવાની ના પાડતા અસામાજીક તત્વો બેફામ તેમજ બેકાબુ બની ગયા હતા અને સ્ટેજ પરના કલાકારો પર પથ્થર મારો કર્યો હતો. પથ્થરમારાને પગલે ગરબા જોવા માટે આવેલા નાગરીકોમાં દોડધામ મચી જવા પામી હતી. સેકટર-૨૪ માં રાત્રીના સમયે પરિસ્થિતિ બેકાબુ બની જતા પોલીસ બોલાવવાની ફરજ પડી હતી.

પરંતુ પોલીસ આવતા જ લુખ્ખાતત્વોમાં ભાગદોડ મચી હતી.જેમાં એક દારુડીયાએ પોલીસ સાથે પણ રકઝક કરી હાથ ચાલાકી કરી હોવાનું લોકમુખે ચર્ચાતુ હતું. પરંતુ ભાગદોડામાં એક પણ દારુડીયો પોલીસના હાથે ઝડપાયો નથી. સેકટર-૨૪ ની નાની સાંકડી ગલીઓ અને અંધારાનો લાભ લઈ તમામ અસામાજીક તત્વો ભાગી ગયા હતા. ત્યારે આસામાજીક તત્વો સામે પોલીસો કડક હાથે કાર્યવાહી કરવાની જરુર છે તેવી લોકમાંગ પ્રબળ બની હતી. જો કે બનાવ અંગે આ લખાઈ રહ્યું છે ત્યાં સુધી પોલીસ ફરીયાદ નોંધાવા પામી નથી.

## સળંગ ૨૪ કલાકમાં કિશોરદાના ૨૦૨ ગીતો સાથે રચાયો વર્લ્ડ રેકોર્ડ !!

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરમાં તા. ૪થી ઓગષ્ટ રવિવારના રોજ હિન્દી ફિલ્મી ગીતોના બેતાજ બાદશાહ પાશ્વગાયક સ્વ. કિશોરકુમારની જન્મ જયંતિ નિમિત્તે સળંગ ૨૪ કલાક સુધી કરાઓકે સિસ્ટમ આધારિત કિશોરદાના ૨૦૨ ગીતો ગાવાનો અનોખો વિશ્વ વિક્રમ રચાયો હતો. તા. ૪થી ઓગષ્ટે સવારે ૧૦ કલાકે શરૂ થયેલા આ કાર્યક્રમનો અંત તા. ૫મી ઓગષ્ટ સોમવારે ૧૦ કલાકે આવ્યો હતો. આ વિશ્વવિક્રમ કુડાસણ ખાતે શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિયોમાં રચાયો હતો.

ગુજરાત રાજ્યનું રાજકીય પાટનગર ગાંધીનગર હવે સાહિત્ય કલા અને સંગીત-સાંસ્કૃતિક ક્ષેત્રે પણ રાજ્યની રાજધાની બનતું જાય છે. શહેરમાં સંગીતપ્રેમીઓ દ્વારા પાશ્વગાયક સ્વ. કિશોરકુમારની જન્મજયંતિ અનોખી રીતે ઉજવવાનું હાથ ધરવામાં આવ્યું હતુ. ગાંધીનગરના શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિયો તથા ઓલ ઈન્ડિયા કરાઓકે આર્ટિસ્ટ એસોસિએશનના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ ઈવેન્ટમાં ગાંધીનગર ઉપરાંત અમદાવાદ, વડોદરા, રાજકોટ, પાટણ, મહેસાણા, ગાંધીધામ, પોરબંદર અને જામનગર સહિતના અનેક સ્થળોએથી કરાઓકે ગાયક આર્ટિસ્ટો ઉમટી પડ્યાં હતા અને સળંગ ૨૪ કલાકમાં કિશોરદાના ૨૦૨ લોકપ્રિય ગીતો ગાયા હતા.




કિશોરદાને આપવામાં આવેલી આ અનોખી ભાવાંજલિને ઈન્ડિયા વર્લ્ડ રેકોર્ડ્સ બુક દ્વારા પ્રમાણિત કરી ''વર્લ્ડ રેકોર્ડ્સમાં સ્થાન આપવામાં આવ્યું છે. આ સળંગ વર્લ્ડ રેકોર્ડ્સનું સંચાલન આઈકાના ફાઉન્ડર પ્રસિડેન્ટ તથા વર્લ્ડ રેકોર્ડ હોલ્ડર તુષાર ત્રિવેદી દ્વારા કરવામાં આવ્યું હતું તથા ગાયકોને ઈન્ડિયા વર્લ્ડ રેકોર્ડ્સના અધ્યક્ષ પવન સોલંકીએ ઉપસ્થિત રહી મેડલ્સ આપી સન્માન્યા હતા. સમગ્ર વર્લ્ડ રેકોર્ડ ઈવેન્ટના સફળ આયોજન માટે શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિયો તથા આઈકાના ગાંધીનગરના હોદ્દેદારો સર્વશ્રી અજિતસિંહ પરમાર, શ્રવણકુમાર પરમાર, કિરીટકુમાર અગ્રાવત તથા આર.કે. રાવલ દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી. કાર્યક્રમના સમાપને કિરીટકુમાર અગ્રાવતે આભારદર્શન વ્યક્ત કર્યુ હતુ. અત્રે ઉલ્લેખનીય છે કે શહેરમાં છેલ્લા કેટલાક સમયથી ગીત સંગીત ક્ષેત્રે વધી રહેલી પ્રવૃત્તિઓમાં કરાઓકે ગાયકી સૌથી વધુ લોકપ્રિય બની રહી છે. કરાઓકે ગાયકીમાં શહેરને વિશ્વ વિક્રમની સ્થાપવાનું સાક્ષી બની ગૌરવ પ્રાપ્ત કરવા મળ્યું છે તેના પગલે શહેરના સંગીતપ્રેમીઓમાં આનંદની લાગણી પ્રસરવા પામી છે.

## શનિવારે માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાનની સળંગ પચ્ચીસમી કાર્યશાળા યોજાશે

ગાંધીનગર, તા.૮

માતૃભાષા ગુજરાતીના સંરક્ષણ અને સંવર્ધન માટે કાર્યરત 'માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન' દ્વારા ઓગસ્ટ માસની કાર્યશાળાનું આયોજન આગામી તા. ૧૦મી ઓગસ્ટ શનિવારે બપોરે સાડા ત્રણથી છ વાગ્યા દરમિયાન સેકટર-૨૦માં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે કરવામાં આવ્યું છે. આ કાર્યશાળા સંસ્થાની સળંગ પચ્ચીસમી કાર્યશાળા છે.

ગુજરાતી ભાષાના સારા નવલકથાકાર, વાર્તાકાર, આદર્શ શિક્ષક, માતૃભાષાના હિમાયતી તથા વ્યાકરણના અચ્છા અભ્યાસુ એવા કલ્પેશભાઈ પટેલ આ કાર્યશાળામાં 'ગુજરાતી ભાષામાં સમાસ અને સંધિ'ના રસપ્રદ વિષયનો ભાગ-૩ પોતાની આગવી શૈલીમાં ભણાવશે. આ પ્રસંગે ગાંધીનગરના જાણીતા ગઝલકાર અને ભાષાવિદ્ કિશોરભાઈ જીકાદરા ગુજરાતી ભાષાના તળપદા શબ્દો સંબંધિત એક અનોખો પ્રયોગ પ્રસ્તુત કરશે. તેમજ ભાષા વિજ્ઞાન અને સંસ્કૃતના ઉંડા અભ્યાસુ ડૉ. જય ઓઝા ભાષા વિજ્ઞાનમાં પ્રાચીન ભારતની સિધ્ધિઓની ઝલક આપશે. ચોક અને બોર્ડ મારફતે પરંપરાગત શિક્ષણ આપતા જીવંત પ્રશ્નોત્તરી સાથેની આ વિના મૂલ્યે યોજાતી કાર્યશાળામાં ભાગ લેવા શહેરના ભાષા પ્રેમીઓ, પત્રકારો, શક્ષકો, વિદ્યાર્થીઓ, લેખકો વગેરેને જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. કાર્યશાળામાં ઉચિત વ્યવસ્થા થઈ શકે તે માટે આગમનની જાણ કાર્યશાળાના સંયોજક સંજયભાઈ પંડયાને તેમના વ્હોટસએપ નંબર ૯૮૨૫૭૦૯૭૭૮ પર કરવા સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયું છે.



શ્રાવણ માસ એટલે ભકિતભાવ અને શ્રધ્ધાનો માસ. આ માસમાં સર્વત્ર જાણે ભકિતનો માહોલ સ્વયંભૂ રીતે છવાઈ જાય છે. જો કે આપણે ત્યાં બારે માસ ધાર્મિકતા છવાયેલી રહે છે અને પોતાના ઈષ્ટદેવને રીઝવવા શ્રધ્ધાળુઓ વિવિધ બાધા, આખડી, પૂજા અર્ચન ટેક કે યાત્રાનો સહારો લેતા હોય છે. એમાં પગપાળા સંઘ પણ એક લોકપ્રિય પધ્ધતિ છે. પવિત્ર શ્રાવણ માસમાં અમદાવાદથી રણુજા દર્શનાર્થે જવા નીકળેલા પદયાત્રીઓનો સંઘ શહેરમાંથી પસાર થઈ રહ્યો હતો ત્યારે માર્ગો પર પણ શ્રધ્ધા ભકિતનો માહોલ છવાઈ જવા પામ્યો હતો.

## સેકટર-૭-સીની નવરાત્રિની રવિવારે વાર્ષિક સભા

ગાંધીનગર, તા.૮

સેકટર-૭-સી નવરાત્રિ સમિતિ દ્વારા આગામી નવરાત્રિ ઉત્સવના ભવ્ય આયોજન અંગે તથા હોદ્દેદારોની વરણી અંગે તા. ૧૧મી ઓગસ્ટના રવિવારે રાત્રે સાડા આઠ વાગે શિવશકિત મંદિર ખાતે વાર્ષિક સાધારણ સભાનું આયોજન કરેલ છે તો સેકટર-૭સીના વસાહતીઓને ઉપસ્થિત રહેવા મહામંત્રી તળજાભાઈ દેસાઈએ જણાવેલ છે.

## મુવી હાઉસ

### આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧

● **જબરીયા જોડી**
૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

● **ચિકન કરી લો!**
૧૦.૨૦ રાત્રે

● **પ્રણામ**
૧.૪૦ બપોરે

● **સુપર-૩૦**
બપોરે ૩.૩૫, રાત્રે ૧૦.૦૦

● **ચાસણી (ગુજરાતી)**
બપોરે ૧૨.૪૫

● **કબીરસિંગ**
૧૦.૧૦ સવારે

● **ફાસ્ટ એન્ડ ફ્યુરિયસ**
૩-ડી હિન્દી ૧૧.૧૫, ૧.૦૦, ૨.૦૦, ૪.૫૦, ૭.૪૦, ૧૦.૩૦
૩-ડી અંગ્રેજી ૯.૧૫ રાત્રે
૨-ડી હિન્દી ૧૦.૦૦ સવારે

● **ધ લાયન કિંગ**
૧૦.૩૦, ૩.૫૦, ૬.૩૫, ૧૦.૩૦, ૩.૫૦, ૬.૩૫

### સિટી પલ્સ કુડાસણ

● **જબરીયા જોડી**
૧૨.૩૦, ૩,૩૦, ૬.૩૦, ૧૦.૦૦

● **ચિકન કરી લો!**
૭.૦૦

● **પ્રણામ**
૨.૪૫, ૧૦.૧૫

● **ચાસની (ગુજરાતી)**
૯.૩૦ રાત્રે

● **સુપર-૩૦**
૬.૩૦ સાંજે

● **ફાસ્ટ એન્ડ ફ્યુરિયસ**
૨-ડી હિન્દી ૪.૦૦, ૯.૪૫
૨-ડી અંગ્રેજી ૧.૦૦

● **ધ લાયન કિંગ**
(૨-ડી હિન્દી) ૭.૦૦

● **કબિરસિંગ**
૩.૧૫ બપોરે

● **ખાનદાની શફાખાના**
૧૨.૩૦

### પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧

● **જબરીયા જોડી**
૯.૧૫, ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

● **ફાસ્ટ એન્ડ ફ્યુરિયસ**
૨-ડી હિન્દી ૧.૧૫, ૭.૦૦
૩-ડી હિન્દી ૧૧.૦૦, ૪.૪૫, ૧૦.૧૫

● **સુપર-૩૦**
૧૨.૧૫, ૬.૩૦

● **ચાસની (ગુજરાતી)**
૩.૩૦ બપોરે, ૯.૪૫ રાત્રે

● **ધ લાયન કિંગ**
(૩-ડી હિન્દી) ૨.૦૦ બપોરે, સાંજે ૭.૪૫
(૨-ડી હિન્દી) ૧૦.૩૦, ૪.૧૫, ૧૦.૦૦

## ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્રની ઓનલાઈન સેવાઓ ૧૨મી સુધી સ્થગિત

ગાંધીનગર, તા.૮

ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રાદ્યોગિક વિભાગે તા. ૯મી ઓગષ્ટ, ૨૦૧૯ થી રાત્રિના ૮.૦૦ કલાકથી ત્રણ દિવસ માટે સરકારની તમામ પ્રકારની ઓનલાઈન સેવાઓ, વેબસાઈડ, એપ્લીકેશન, ઈ-મેલ, ઈન્ટરનેટ બંધ કરવા તમામ વિભાગોને આદેશ કર્યો છે.

ગાંધીનગર સ્થિત ડેટા સેન્ટરમાં રીપેરિંગનું કામ શરૂ કરવાનું હોવાથી તા.૧૨મી ઓગષ્ટની રાત્રે ૧૧.૫૯ મિનિટ સુધી જીસ્વાન નેટવર્ક બેઈઝડ ડેટા સેન્ટર કનેકટેડ તમામ સેવાઓને સટ ડાઉન કરી દેવામાં આવશે.

ગાંધીનગર જિલ્લામાં ઈ-ધરા, જન સેવા કેન્દ્રો અને રેશનકાર્ડ જેવી ઓન લાઈન વિવિધ સેવાઓ આ સમય દરમ્યાન બંધ રહેશે. જેની ગાંધીનગર જિલ્લાના નાગરિકાએ નોંધ લેવા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જણાવવામાં આવ્યું છે.

## તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા તારણહાર બની : નટુકાકા

ભવાઈ અને નાટકમાં અનેક પાત્રો ભજવીને અભિનયની દુનિયામાં પોતાનું સ્થાન મજબૂત કરવા સંઘર્ષની મિશાલ બની ચુકેલા ઘનશ્યામભાઈ નાયક આજે નટુકાકાના નામે દેશવાસીઓના હૃદયમાં આગવું સ્થાન ધરાવે છે. નટુકાકાના મતે તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા સિરીયલના લીધે નેઈમ અને ફેમ બંને મળ્યું છે. તારક મહેતાની સિરીયલે ગાડી બંગલો આપ્યો. મુંબઈમાં પોતાનું મકાન બનાવ્યું... હવે તારક મહેતાથી આગળ હવે કાંઈ જ નથી. મૃત્યુ પણ સીરીયલના શુટીંગ દરમિયાન સેટ પર મળે તેવી ખેવના છે. ભવાઈનો વારસો ધરાવતા આ છેલ્લા કલાકાર અભિનયની દુનિયામાં જીવંત છે



ગાંધીનગર, તા.૮

તારક મહેતાના ઉલટા ચશ્મા સિરીયલથી પ્રખ્યાત થયેલા નટુકાકા ઉર્ફે ઘનશ્યામભાઈ નાયક શહેરની મુલાકાતે આવ્યા હતા. શહેરની એક દુકાનના ઉદઘાટનમાં તારક મહેતાના ઉલ્ટા ચશ્મા સિરીયલથી પ્રખ્યાત થયેલા નટુકાકા જે ભવાઈ માટે પણ પ્રખ્યાત છે અને નાટકો તથા ઘણી હિન્દી ફિલ્મોમાં કામ કરી ચુકયા છે તેઓએ મુલાકાતમાં જણાવ્યું હતું કે તેઓની છેલ્લી સાત પેઢી કલા ક્ષેત્રમાં કાર્યરત હતી અને આજે તેઓ પણ ભવાઈ જે નાયક કોમનો મૂળ વ્યવસાય છે તે પ્રસ્તુત કરતા આજે આગળ આવ્યા છે. તેઓએ ૭ વર્ષની ઉંમરથી ભવાઈમાં છોકરીનું પાત્ર ભજવી શરૂઆત કરી હતી. મૂળ વનડગરના ઊંઢાઈ ગામના નટુકાકા વર્ષ ૧૯૫૬માં મુંબઈમાં રામલીલામાં બાળનટ તરીકે જોડાયા હતા અને લગભગ વર્ષ ૧૯૫૭ દરમિયાન તેમણે માસૂમ ફિલ્મમાં 'બાળનટ' તરીકે કામ કર્યુ હતું. તેમનું પ્રથમ નાટક વર્ષ ૧૯૬૦-૬૧ દરમિયાન અવિનાશ વ્યાસ અને એફ.આર. ઈરાની સાથે 'પાનેતર' હતું. ત્યારબાદ પારસમણી અને વર્ષ ૧૯૬૮માં તેમણે પ્રથમ ગુજરાતી ફિલ્મ હસ્તમેળાપમાં કામ કર્યુ હતું. ત્યારબાદ તેમણે વેલીના આવ્યા ફૂલ ફિલ્મમાં નરેશ કનોડીયા સાથે કામ કર્યુ હતું. વર્ષો વિતતા તેમણે નાટક અને ફિલ્મ ક્ષેત્રે પોતાનું પ્રદાન આપવાનું ચાલુ રાખ્યું હતું. તેમને સીંગીંગમાં પ્રથમ બ્રેક મહેશકુમાર દ્વારા આપવામાં આવ્યો હતો. જેમાં તેમણે ડોશીમાના અવાજમાં ગાયું હતું. આ ઉપરાંત તેમણે હાલ સુધી ૨૫૦ જેટલા ગુજરાતી અને હિન્દી પિચ્ચર ડબ કર્યા છે.

સમય પસાર થતા તેઓનો પરિવાર પણ આગળ વધતો ગયો તેમના પત્નિ અને ત્રણ બાળકો સાથે તેઓ મુબઈમાં રહેતા અને સામાન્ય જીવન જીવતા. તે અરસામાં વર્ષ ૨૦૦૮માં તારક મહેતા કા ઉલ્ટા ચશ્મામાં તેમને નટુકાકાનું પાત્ર મળ્યું અને તેમણે સિરિયલમાં નટુકાકા તરીકે કામ કરવાનું શરુ કર્યું. તેમના કહ્યા મુજબ તારક મહેતા સિરિયલમાં કામ કર્યા પછી જ તેઓ પોતાનું મુંબઈમાં ઘર લઈ શકયા. તારક મહેતા એ તેમનું કિસ્મત પલટયું તેઓ ખાસ સિરિયલના ડાયરેકટર આશિત મોદી અને પ્રોડયુસર હર્ષદ જોષી અને માલવ રાજણનો આભાર માને છે અને તેઓ પોતાની પત્નિ નિર્મળાબેન જેમણે તેમના જીવનના સંઘર્ષમાં સાથ આપ્યો તેમનો વિશિષ્ટ આભાર માને છે.

તેઓએ ખાસ જણાવ્યું હતું કે ભવાઈનો વારસો ધરાવતો હું છેલ્લો કલાકાર છું. હવે ભૂંગળ વગાડનાર કોઈ નથી. રંગલીનું પાત્ર ભજવતા લીલાબેન પટેલ હયાત છે. મારી છેલ્લી ઈચ્છા મેકઅપ સાથે જ મારા અભિનય કરતા સેટ ઉપર જ મૃત્યુ થાય તેવી છે.

## ચિરવિદાય

● સ્વ. પ્રજાપતિ ઈશ્વરભાઈ શીવાભાઈ, ઉ.વ. ૫૫
● સ્વ. પૂંજાજી મંગાજી સોલંકી, ઉ.વ. ૭૫
● સ્વ. ઠાકોર સોનાબેન ધુળાજી, ઉ.વ. ૭૫
● સ્વ. પ્રજાપતિ ગોવિંદભાઈ ઈશ્વરલાલ, ઉ.વ. ૬૪
● સ્વ. કંચનબેન ઓમપ્રકાશ મહેતા, ઉ.વ. ૪૦